ગાંધીનગર સમાચાર

## આજથી પાણી-ગટર વેરાની વસુલાત માટે ઝુંબેશ

# જિલ્લામાં ૧૯,૮૧,૭૩૧ ચો.મી. જમીન જુની શરતમાં ફેરવવામાં આવી

### ૨૩ મહેસુલી તલાટીઓની જગ્યા ખાલી છે : કરાઈ એકેડેમીનો તપાસ અહેવાલ સરકારની વિચારણા હેઠળ છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૯,૮૧,૭૩૧ ચો.મી. જમીન નવી શરતમાંથી ખેતી વિષયક હેતુ માટે જુની શરતમાં ફેરવવામાં આવી છે.

કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરના આ અંગેના લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર તાલુકામાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન ૧૧,૫૪,૦૭૦ ચો.મી., કલોલમાં ૨,૯૦,૬૩૯, માણસામાં ૨,૨૨,૦૯૬ અને દહેગામમાં ૩,૧૫,૦૨૬ ચો.મી. જમીનનો સમાવેશ થાય છે.





તેમણે જણાવ્યું છે કે ઉક્ત સ્થિતિએ ગાંધીનગર તાલુકામાં ૨૪,૫૨,૭૯૫૮ ચો.મી. જમીન, કલોલ તાલુકામાં ૧૮,૪૫,૧૫૨૧ ચો.મી., માણસામાં ૪૬,૯૧,૫૨૧ ચો.મી., દહેગામમાં ૩૭,૪૭,૫૩૦૮ ચો.મી. જમીન નવી શરત અને નિયંત્રિત સત્તા પ્રકારે છે.

મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગ્રામ્ય વિસ્તારની જમીનો મૂળ ગ્રાન્ટોના ૧૫ વર્ષના કબ્જા બાદ નિયમાનુસાર ચકાસણી કરીને શૂન્ય પ્રિમીયમે ખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવામાં આવે છે. જ્યારે શહેરી વિસ્તારની જમીનો મૂળ ગ્રાન્ટીના ૧૫ વર્ષના કબ્જા બાદ ખાતેદાર દ્વારા અરજી કરેથી નિયમાનુસાર ચકાસણી કરીને તથા નિયમાનુસાર પ્રિમીયમ વસુલી લઈને જુની શરતમાં ફેરવવામાં આવે છે. જેથી સમયમર્યાદાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**● ગણોતધારાની ખરીદ કિંમત ભરપાઈ કરવા અંગેના કેસ**

ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા ૩૭૫ છે. તેમ રાજ્યના મહેસુલ મંત્રીશ્રીએ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં આવા કેસોની બાકી સંખ્યા શૂન્ય છે. તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં આવા કેસોની બાકી સંખ્યા શૂન્ય છે.

**● કલોલની સોસાયટીમાં ગેરરીતિ**

કલોલ તાલુકાના સાંતેજ ગામની ધી વૃંદાવન કો.ઓ. હાઉસીંગ સોસાયટીમાં ગેરરીતિ અંગે કોંગીના શ્રી અમીન ચૌધરીએ પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સહકાર મંત્રીશ્રીએ જણાવ્યું છે કે પદાધિકારીઓ દ્વારા મંડળીના મૂળ હેતુઓ વિરૂદ્ધ મૂળ સભાસદોને દૂર કરવા અને મંડળીના મંડળોની ઉચાપત કરવા અંગે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ચાર ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળી છે.

આ મેટર સબજ્યુડીસ (કાનૂન આધીન) હોવાથી ત્યાં વહીવટદારની નિમણુંક કરવામાં આવી નહિ હોવાનું પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

**● રેવન્યુ તલાટીઓનું મહેકમ**

કોંગીના ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં રેવન્યુ તલાટીનું ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં કુલ ૪૫ મહેસુલી તલાટીઓનું મહેકમ મંજૂર થયેલુ છે.

આ પૈકી ૨૨ તલાટીઓની જગ્યા ભરાયેલ છે. જ્યારે ૨૩ જગ્યાઓ હાલ ખાલી છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૪, માણસામાં ૫, કલોલમાં ૪, દહેગામમાં

● અનુસંધાન પાન-૭ પર

# પેથાપુરમાં ભાજપનો ભગવો લહેરાયો

### ભાજપને ૨/૩ બહુમતી સાથે ૧૮ બેઠકો મળી કોંગ્રેસને માત્ર ૬ બેઠકો મળી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાના રવિવારે યોજાયેલા મતદાન પછી આજે હાથ ધરાયેલ મતગણતરીમાં ભાજપે તેનો કબ્જો જાળવી રાખ્યો છે.

૨/૩ બહુમતિ પ્રાપ્ત કરી ભાજપે આજે તેનો ભગવો લહેરાવતાં કાર્યકરોએ ભારત માતા કી જયના નારાઓ સાથે કોલેજ કેમ્પસને ગજવી દીધુ હતુ.

આજે સવારે સે. ૧૫ ખાતે શરૂ થયેલી મતગણતરીમાં વોર્ડ નં. ૧માં બે બેઠકો કોંગ્રેસને મળતાં રસાકસી ભર્યા પરિણામ આવશે તેવું લાગતુ હતુ. પરંતુ વોર્ડ ૨, ૩, ૪, ૫ માં ભાજપની આખેઆખી પેનલોએ વિજય મેળવ્યો હતો.

વોર્ડ નં. ૬માં કોંગ્રેસે ભાજપની ક્લીન સ્વીપને અટકાવી હતી અને ચારેય બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો વિજયી બન્યા હતા.

૭૫ ટકા જેટલુ ભારે મતદાન થતાં બન્ને પક્ષોએ વિજયના દાવા મતદાન પછી વ્યક્ત કર્યા હતા. જોકે આજની મતગણતરીમાં ભાજપનો ભગવો લહેરાયો હતો.

એક જ કલાકમાં મતગણતરીનું કાર્ય સંપન્ન થઈ જવા પામ્યુ હતુ.



વસંતોત્સવની જમાવટ - સંસ્કૃતિ કુંજમાં વિવિધ રાજ્યોના લોકનૃત્યોની પ્રસ્તુતિએ વસંતોત્સવમાં જમાવટ કરી છે.... (તસવીર : દિપક જાની)

# આજથી પાણી-ગટર વેરાની વસુલાત માટે ઝુંબેશ

### ૨૬ હજાર જોડાણકર્તા સામે સવા બે કરોડનુ માંગણુ : વેરા વસુલાત માટે સે-૩ તેમજ સે-૨૪ ઇન્કવાયરી સહીત ૬ કાઉન્ટરો કાર્યરત : જુના બીલના આધારે પણ વેરો સ્વીકારવામાં આવશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર શહેરમાં પાણી ગટર વેરા માટે આજથી એડવાન્સ વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવશે. શહેર તેમજ વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓમાં ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ પાસેથી તંત્ર દ્વારા સવા બે કરોડનો વેરો વસુલવા વિવિધ ૬ જેટલા કાઉન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. અગાઉના વર્ષોની નબળી કામગીરીના લીધે તંત્રના ચોપડે બાકી માંગણાનો આંકડો પણ મોટો છે. ત્યારે આગામી વસુલાતને અસરકારક બનાવવા બાકીદારોના જોડાણ કાપવા સુધીના પગલા લેવા તંત્ર હરકતમાં આવે તેવી શકયતા છે.

ગાંધીનગરમાં પાણી ગટરની સુવિધા પુરી પાડવા માટે દર વર્ષે સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે નગરજનોને પાણી પુરવઠો પુરો પાડવાની વિતરણ વ્યવસ્થા સહીત ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રકચર પાસેથી પાણીની ખરીદી માટે પણ તગડા દામ ચુકવવામાં આવે છે. ત્યારે પાણી ગટરની પાયાની સુવિધા માટે તંત્ર દ્વારા મામુલી વેરો વસુલવામા આવે છે. પરંતુ વેરાની નજીવી રકમ ભરપાઈ કરવામાં પણ કેટલાક


● અનુસંધાન પાન-૭ પર

# બજેટમાં સામાન્ય વર્ગ સામે ભ્રમ જાળ : શંકરસિંહ

### ગુજરાત શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પાછળ થકેલાઈ ગયું છે : શિક્ષણ અતિ મોંઘુ અને આરોગ્ય સેવાઓ પડી ભાંગી

અમદાવાદ, તા.૨૩

ગુજરાત રાજયનું વર્ષ ૨૦૧૬-૧૭નું બજેટ રજુ થયું હતુ. ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને જાહેર હિસાબ સમિતિના ચેરમેન અને પૂર્વ વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને જાહેર હિસાબ સમિતિના ચેરમેન અને પૂર્વ વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે સંયુક્ત પત્રકાર પરિષદમાં બજેટ ઉપર પ્રત્યાઘાતો આપ્યા હતા. બજેટ ઉપર પ્રત્યાઘાત આપતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર સંતાકુકડી રમાડતી હોય તેવું બજેટ રજુ કરેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં જે રીતે ભ્રામક જાહેરાતો કરવામાં આવી હતી. તે બાબતો જ આ બજેટમાં ફરીફરીને દોહરાવવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં ભાજપ સરકાર દ્વારા રજુ થયેલ બજેટો એ રાજયના સામાન્ય અને મધ્યવર્ગ સામે ભ્રમજળ ઉભી કરવાનો એક પ્રયત્ન છે. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાત શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પાછળ ધકેલાઈ ગયું છે. રાજયમાં શિક્ષણ અતિ મોઘુ અને આરોગ્ય સેવાઓ પડી ભાગી છે. આ બજેટમાં ઈન્દુચાચાની સ્મૃતિના નામે વર્ષ ૨૦૧૬-૧૭માં યુવા વિકાસ વર્ષની જાહેરાત કરવાની વાત કરનાર ભાજપના શાસનમાં સૌથી વધુ યુવાનો શિક્ષણ અને રોજગારીથી વંચિત છે. યુવાનોને શિક્ષણ અને રોજગારીની ભ્રામક વાતો કરનારી સરકારમાં હકીકતમાં રાજયમાં ૧૦ લાખ કરતા વધુ શિક્ષિત બેરોજગાર નોધાયેલા છે અને વણનોધાયેલની સંખ્યા તેનાથી પણ વધુ છે. રાજયમાં શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ અધિકાર કાનુનનો અમલ કરવા માટે સરકાર કટિબદ્ધ હોવાનું આ બજેટમાં દેખાતું નથી. રાજયમાં ૧૪,૦૦૦ શાળાઓ એવી છે જેમાં એક વર્ગખંડમાં એક થી વધુ ધોરણોના બાળકો ભણે છે. અનેક શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ ઘણા લાંબા સમયથી ખાલી છે. જ્યારે ગુણોત્સવના નામે નાણાની જોગવાઈ કરનાર રાજય સરકાર



ગુણોત્સવનું શું પરિણામ આવ્યું તે

(અનુસંધાન નીચેના પાને)

કેમ જાહેર કરતી નથી. જે તે વખતે કેન્દ્ર તરફથી રાજયમાં કોમ્પ્યુટર અભ્યાસ માટે નાણાની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ શિક્ષકોની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.ગરીબ અને મધ્યવર્ગના પરિવાર માટે મા વાત્સલ્ય યોજનાની વાતો કરી છે, પરંતુ તેમાંથી ગરીબ અને મધ્યમવર્ગને ભૂલીને માત્ર પરિવાર પુરતી યોજના સીમિત બની ગઈ છે. રાજયમાં આરોગ્ય સેવાના નામે મોટાપાયે જાહેરાત કરનાર ભાજપ શાસનમાં અંબાજીથી ઉમરગામ સુધી ૮૦ ટકા ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે. સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું માળખું સંપૂર્ણ પણે પડી ભાગ્યું છે.

KENDRIYA VIDYALAYA NO.3.
GANDHINAGAR CANTT
CHILODA ROAD, ARMY CANTT, GANDHINAGAR- 382042 Phone: 079 - 23200266

WALK IN INTERVIEW ON 09.03.2016 IN THE VIDYALAYA CAMPUS

Wanted teachers, purely temporary on contractual basis (subject to availability of vacancy) for the Academic Session 2016-17 (w.e.f. 1st April 2016) as per details given below. Interview will be held in Vidyalaya campus on 9th MARCH 2016 between 9.30 a.m.to 3.30 p.m only (Bring original testimonials with a set of self attested photocopies along with passport size photograph). No TA/DA will be paid for attending the interview.

| S.No. | NAME OF POST | ESSENTIAL MINIMUM QUALIFICATION | REMUNERATION |
|---|---|---|---|
| 01. | Primary Teacher | 10+2 in any discipline with 50% marks from any board with JBT/PTC or equivalent from recognized University BA/B.Com./ B.Sc. with B.Ed is also eligible (Proficiency to teach in English & Hindi) | Monthly Consolidated Rs. 21250/- |
| 02. | TGT (All Subjects) | Graduation in Subject(s) concerned with at least 50% marks in aggregate with B.Ed. or B.Sc. with 60% OR BA with 55% without B.Ed. | Monthly Consolidated Rs. 26250/- |
| 03. | PGT (All Subjects) Except Hist, Geog. | Master Degree with at least 50% marks in aggregate in concerned subject with B.Ed. | Monthly Consolidated Rs. 27500/- |
| 04. | Computer Instructor | BE/B.Tech(Computer Science)/BCA/MCA/M.Sc. (Electronics with computer Science component) B.Sc. (Computer Science) OR Bachelor's /Master degree in any Science subject/Mathematics from recognized university with Post Graduate Diploma in Computer Application from Government recognized University / Institute. ORPost Graduate Degree in any subject with Post Graduate Diploma in Computer application from government recognized University/Ö" Levelfrom DOEACC. | Monthly Consolidated Rs.21250/- For Class-III to V and Rs. 26250/- for Class VI to X |
| 05. | Spoken English Teacher | Essential-Graduate with English as one of the subject Desirable Certificate/Diploma/Degree in spoken English covering course program of not less than 6 months duration. | Monthly Consolidated Rs. 18750/- |
| 06. | German Teacher | Bachelor's degree/diploma in German language from Indian university. | Monthly Consolidated Rs. 26250/- |
| 07. | Coaches for sports activities/(Athletics &Team events) | M.P.Ed. /B.P.Ed./D.P. Ed. Skilled and qualified experts with diploma/degree from recognized institute. | Monthly Consolidated Rs. 21250/- |
| 08. | Art & Craft (Instructor for classical Folk/ any other dance /pottery/ Handicraft etc) | Recognized Diploma in Craft/Drawing/Painting/Sculptures/Dance(Any) | Monthly Consolidated Rs. 21250/- |
| 09. | Educational Counselor | Degree / Diploma / Certificate in counselling. ORM.A./M.Sc. (Psychology) from a recognized college or University + Regular one year Post Graduate Diploma in Guidance and Counselling ORM.A./ M.Sc./M.Com with B.Ed/M.Ed. qualification + Regular one year post Graduate Diploma in Guidance and Counselling | Monthly Consolidated Rs. 25000/- |
| 10 | Doctor | MBBS and registered with Medical council of India / State Medical council | Rs.1000/ per day for 2 hrs/ as per need prescribed the vidyalaya |
| 11. | Nurse | Diploma from Recognized institute | Rs. 750/per day for 7 Hrs. a day. |

You are advised to download the application form from Vidyalaya website web site:- www.kvgandhinagarcantt.org.in

Principal

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com